A

Synopsis

On

# "AN ANALYTICAL STUDY OF THE EMOTIONAL CONFLICTS RELATED TO WOMEN IN THE SELECTED WORKS OF FICTION BY DHIRUBAHEN PATEL"

*

# "ધીરૂબહેન પટેલની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન"

**Submitted for the award of**

**The Degree of**

**Ph.D**

**In**

**Gujarati**

**Prepared By**

**Ms. Zala Pinakini**

**Under the Guidance of**

**Dr. Darshini Dadawala**

**Associate Professor (Stage IV)**

**Department of Gujarati**

**Faculty of Arts**

**THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA**

મારા શોધનિબંધનો વિષય છે : “ધીરૂબહેન પટેલની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન”. પ્રસ્તુત શોધનિબંધમાં ૭ પ્રકરણોનો સમાવેશ કર્યો છે. આ શોધનિબંધમાં ધીરૂબહેન પટેલના વાર્તાસંગ્રહો વિશે અભ્યાસ કરવામાં આવ્યો છે. મારો હેતુ ધીરૂબહેન પટેલના વાર્તાસંગ્રહોમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને તપાસવાનો હતો. આ શોધનિબંધમાં ધીરૂબહેન પટેલના ‘અધૂરો કૉલ’ (૧૯૫૫), ‘એક લહર’ (૧૯૫૭), ‘વિશ્રંભકથા’ (૧૯૬૬), ‘ટાઢ’(૧૯૮૭), તથા ‘જાવલ’(૨૦૦૧) આ પાંચ વાર્તાસંગ્રહોની વાર્તાઓને તપાસી. આ શોધનિબંધ નિમિત્તે વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને સમજવા મળ્યું. જેમાં વિશ્લેષણાત્મક પદ્ધતિ અને મૂલ્યાંકન પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. આ શોધનિબંધના પ્રકરણો અનુક્રમે નીચે મુજબ છે :

૧. ધીરૂબહેન પટેલ - સર્જકનો પરિચય

૨. ભાવનાત્મક સંઘર્ષ: સ્વરૂપ અને પ્રકાર

૩. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ

૪. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

૫. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

૬. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

૭. ઉપસંહાર

## પ્રકરણોનું આયોજન (પ્રસ્તાવિત)

૧. ધીરૂબહેન પટેલ - સર્જકનો પરિચય

પ્રથમ પ્રકરણ 'ધીરુબહેન પટેલ–સર્જકનો પરિચય'માં એમના સર્જકત્વને પોષક પરિબળોમાં શૈશવ, વતન, માતા-પિતા, અભ્યાસ, અંગત અનુભૂતિની પ્રેરણા આદિની માહિતી આપી છે. તેમના પરિવારના સંસ્કારોએ તેમના સર્જન પર સાનુકૂળ પ્રભાવ પાડ્યો છે. આધુનિક ગુજરાતી સાહિત્યનાં એક અગ્રણી સર્જક છે. તેમણે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઘણું સર્જન  કર્યું છે. આજ પર્યંત  કાર્યરત છે. આ પ્રકરણમાં ધીરૂબહેન પટેલના જીવન અને સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં તેમણે કરેલ પ્રદાનનો અભ્યાસ કર્યો છે. પિતા ગોરધનભાઇનું અંગ્રેજી-ગુજરાતી પરનું પ્રભુત્વ ધીરૂબહેનને વારસામાં મળ્યું છે. માતા ગંગાબહેનને પણ સાહિત્ય પ્રત્યે અભિરુચિ હતી, તેઓ તેમને બાળપણથી જ નવાં-સારાં પુસ્તકો વાંચવાની પ્રેરણા આપતાં. માતાપિતાએ સાહિત્ય અને સંસ્કારોનાં જે બીજ રોપ્યાં હતાં તે સમય જતાં વિશાળ વૃક્ષની જેમ વૃદ્ધિ પામ્યાં. તેમનો વિદ્યાભ્યાસ પણ ઉચ્ચ કક્ષાનો છે અને જાણીતા સાહિત્યકાર હરિવલ્લભ ભાયાણી, રામપ્રસાદ બક્ષીની પ્રેરણાથી તેમની સર્જનશક્તિ વેગવાન બની. પ્રથમ વાર્તાસંગ્રહ 'અધૂરો કૉલ' ૧૯૫૫માં શબ્દબદ્ધ કરીને સત્તર વાર્તાઓ રજૂ કરી. એવી જ રીતે તેઓ નાટક, નવલકથા, બાળસાહિત્ય, ભવાઈ વગેરેનું સર્જન કરતાં રહ્યાં છે. તેમનું સાહિત્યસર્જન જોઈએ તો સમયના દીર્ઘપટ પર જ અનેક સ્વરૂપમાં જોવા મળે છે. તેમણે નવલકથા, ટૂંકીવાર્તા, એકાંકીનાટક, બાળસાહિત્ય, અનુવાદ જેવા વિવિધ પ્રકારોમાં યોગદાન આપ્યું છે. એની વિગતે ચર્ચા કરી છે.

પ્રકરણ ૧માં ધીરૂબહેન પટેલના વ્યક્તિત્વ તથા કૃતિત્વ વિશેની માહિતી રજૂ કરી છે. તેમના જન્મ, માતા-પિતા અને પરિવાર, વિદ્યાભ્યાસ, ગુરુજનોનો પ્રભાવ, તેમનો વ્યવસાય, રસ-રુચિ, વ્યક્તિત્વ દર્શન, તેમના સર્જક વ્યક્તિત્વને પ્રેરતા પરિબળો, તેમને એનાયત થયેલ પારિતોષિકો તથા તેમણે સર્જેલ સાહિત્યસૃષ્ટિનો પરિચય આપવામાં આવ્યો છે.

## ૨. ભાવનાત્મક સંઘર્ષ: સ્વરૂપ અને પ્રકાર

પ્રકરણ ૨ 'ભાવનાત્મક સંઘર્ષ : સ્વરૂપ અને પ્રકાર'માં ભાવનાનો અર્થ, સ્વરૂપ, તેની ઉત્પત્તિ, પ્રકાર વગેરે વિશે સમજાવ્યું છે. જેમાં ભાવનાનો અંગ્રેજી પર્યાય છે **'Emotion'. Motion** પર થી **Emotion** શબ્દ બન્યો છે. જેનો અર્થ 'ગતિમાન', 'હલનચલન', 'જે સ્થિર નથી તેવો' થાય છે. EMOTION શબ્દનો સૌપ્રથમ ઉપયોગની શરૂઆત કોણે અને કેવી રીતે કરી તે અંગેનો ઇતિહાસ વિશે માહિતી રજૂ કરી છે.

ભાવનાના પ્રકારો અંગે અલગ અલગ મનોવૈજ્ઞાનિકોએ પોતાના અલગ અલગ વર્ગીકરણની માહિતી આપી છે. મૂળભૂત છ ભાવનાઓ ઉપરાંત અન્ય ગૌણ ભાવનાઓની સમજૂતી આપી છે. જેમાં ડર, ક્રોધ, આશ્ચર્ય, ઘૃણા, તિરસ્કાર, ઈર્ષ્યા, નિરાશા, અફસોસ, ઇચ્છા અને પીડાની સમજૂતી આપી છે.

ઘણી જુદી જુદી પ્રકારની લાગણીઓ છે જેનો પ્રભાવ છે કે આપણે કેવી રીતે જીવીએ છીએ અને અન્ય લોકો સાથે વાતચીત કરીએ છીએ. અમુક સમયે આપણને એવું લાગે છે કે આપણે આ ભાવનાઓ દ્વારા જ શાસન કરીએ છીએ, જીવીએ છીએ. આપણે કોઈપણ ક્ષણનો અનુભવ કરીએ છીએ તે ભાવનાઓથી પ્રભાવિત થાય છે. માનવીના જીવનમાં લાગણી મહત્વનો ભાગ ભજવે છે. ભાગ્યે જ કોઈ માનવી લાગણીથી અળગો રહી શકે. માનવીના રોજબરોજના જીવનમાં લાગણીના અનુભવો થતા રહેતા હોય છે. આવી લાગણીઓ કે ભાવના અમુક પરિસ્થિતિ દ્વારા ઉત્પન્ન થતી હોય છે. જે માનવીને ભાવનાત્મક કે આવેગાત્મક બનાવે છે. આ આવેગની પરિસ્થિતિને દફનાવી શકાતી નથી. પરંતુ માનવી આવેગો પર નિયંત્રણ દ્વારા કાબૂ કરી શકે છે. ભાવના વગર માનવીની કલ્પના કરવી અશક્ય છે. ભાવનાનું અસ્તિત્વ ના હોત તો સમગ્ર માનવજીવન રસહીન બની જાત. આ રીતે ભાવનાની પ્રક્રિયાની સમજૂતી આપી છે.

ભાવનાત્મક સંઘર્ષ વિશે સમજૂતી આપી છે. ભાવનાના નવ નકારાત્મક ભાવનાઓના કારણે થતા સંઘર્ષની સમજૂતી આપી છે.

૩. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ (કૃતિઓને આધારે)

પ્રકરણ ૩ 'ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ' માં વાર્તામાં રહેલા સ્ત્રીવિષયક સંઘર્ષને ઓળખી બતાવ્યાં છે. ધીરૂબહેનની વાર્તાસૃષ્ટિમાં 'અધૂરો કોલ' (1955), 'એક લહેર' (1957), 'વિશ્રંભકથા' (1966), 'ટાઢ' (1987), 'જાવલ' (2001) જોઈ શકાય છે. જેમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને પાંચ શ્રેણીમાં વિભાજિત કરીને અભ્યાસ કર્યો છે:

૧. સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ

૨. સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ

૩. સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ

૪. સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ

૫. અન્ય સંઘર્ષ

આ વર્ગીકરણમાં ધીરૂબહેન પટેલના વાર્તાસંગ્રહોનો વિસ્તૃત અભ્યાસ કરીને તેમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષની શોધ કરી છે. એ ભાવનાત્મક સંઘર્ષ સમાજ સાથેનો, સ્વ સાથેનો કે સ્ત્રી સાથેનો છે તેનું વર્ગીકરણ કરીને અભ્યાસ કર્યો છે. સ્ત્રીનાયિકા કોઈ સમસ્યાને લઈને પોતાની જાત સાથે લડતી જોવા મળે છે. પોતાના નક્કી કરેલા હેતુઓ કે ઇચ્છાઓ પૂર્ણ ન થતાં સ્ત્રી સંઘર્ષ અનુભવતી જોવા મળે છે. તે વાર્તાઓને સ્વ સાથેના સંઘર્ષમાં મૂકી છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ ઉદ્દભવવા પાછળ લગ્ન, છૂટાછેડા, સ્નેહીનો વિયોગ, ભવિષ્ય અંગેના પીડાદાયી વિચારો, કેટલાક વિક્ષેપો, કુટુંબના સભ્યોનું સ્વાસ્થ્ય, સામાજિક વાંધાઓ, ઘણી બધી જવાબદારીઓ વગેરે પરિબળોને કારણોને લઈને સ્ત્રી સંઘર્ષ અનુભવતી હોય તેવી વાર્તાઓને પાંચ શ્રેણીમાં વર્ગીકૃત કરી છે.

૪. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

પ્રકરણ ૪ 'ધીરૂબહેન પટેલની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ'માં પાત્રના સંઘર્ષનું સ્વરૂપ અંગે ચર્ચા કરી છે. પાત્ર વાર્તાના વાતાવરણમાં પોતાના અસ્તિત્વ માટે કેવા સંઘર્ષનો સામનો કરે છે? તે સ્ત્રીવિષયક સંઘર્ષને શોધ્યા પછી પાત્ર સંઘર્ષનો સામનો કરતી વખતે કેવી પ્રકારની નકારાત્મક સંવેદના અનુભવે છે તેનું સ્વરૂપ ઓળખવાનું કાર્ય કર્યું છે. વાર્તામાં પાત્ર અન્ય વ્યક્તિ કે પોતાની જાત સાથે સંઘર્ષ કરે છે. તે સંઘર્ષ દરમિયાન પાત્ર ભય, ક્રોધ, ઇચ્છા, પીડા, નિરાશા, ધૃણા, અફસોસ, ધિક્કાર અને ઇર્ષ્યા જેવી સંવેદનાઓમાંથી કેવા પ્રકારની સંવેદનાનો અનુભવ કરે છે, તેનું વિશ્લેષણ કર્યું છે. જેમ કે, સ્ત્રીનો અન્ય સ્ત્રી સાથેના સંઘર્ષને શોધ્યા બાદ તે સ્ત્રી જે સંવેદન અનુભવે તેનું વિશ્લેષણ કર્યું છે.

૫. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કરી તે સંઘર્ષમાંથી બહાર નીકળવાનો ધીરૂબહેને કેવી રીતે ઉલ્લેખ કર્યો છે, શું ઉપાય બતાવ્યો છે તે વગેરેને તપાસવાનું કામ કર્યું છે. તેમની કૃતિઓમાં તેમણે પાત્રો દ્વારા સંઘર્ષને વર્ણવી તે સમસ્યામાંથી કેવી રીતે નિરાકરણ બતાવ્યું છે તે આ પ્રકરણમાં બતાવ્યું છે. વાર્તામાં રહેલા સ્ત્રીવિષયક સંઘર્ષનું વિશ્લેષણ કર્યા બાદ તે સંઘર્ષને લેખિકાએ નિરાકરણ માટે કયા પગલાં લીધા છે તેનો અભ્યાસ કર્યો છે. પસંદ કરેલી વાર્તાઓમાંથી પસાર થઈ લેખિકાએ સ્ત્રીવિષયક સંઘર્ષને સ્વીકારીને નિરાકરણ આપ્યું છે કે તેનો સંઘર્ષનો વિરોધ બતાવ્યો છે તેની નોંધ અહીં કરી છે.

૬. ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

આ પ્રકરણમાં ધીરૂબહેન પટેલના વાર્તાસંગ્રહોમાં આવતા ભાવનાત્મક સંઘર્ષને કૃતિઓમાં તપાસ કર્યા પછી એ સંઘર્ષને દર્શાવવા કઈ સાહિત્યિક લાક્ષણિકતાઓનો સહારો લીધો છે તેની શોધ કરી છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને અસરકારક રીતે દર્શાવવા લેખિકાએ પ્રયોજેલી સાહિત્યિક પ્રયુક્તિઓની શોધ કરી છે. ભાવનાત્મક સંઘર્ષના ઉદ્‌ભવવા પાછળ સાહિત્યિક પ્રયુક્તિઓની ભૂમિકા ઓળખી બતાવી છે.

આ રીતે આ પ્રકરણમાં ભાવનાત્મક સંઘર્ષ બતાવવા સાહિત્યકાર કયા સાધનો તેમજ પ્રતીકોનો ઉપયોગ કરે છે તેની લાક્ષણિકતાઓ દર્શાવી છે.

૭. ઉપસંહાર

મારા સંશોધનનો વિષય ધીરૂબહેન પટેલની ગદ્યકૃતિઓમા નિરૂપાયેલ ભાવનાત્મક સંઘર્ષનો છે. આ પ્રકારનું સંશોધન કરવાથી તેમની કૃતિઓમાં કેવા પ્રકારની ભાવનાનો ઉલ્લેખ થયેલ છે તે જાણવા મળે છે. આ પ્રકરણમાં સમાજમાં સર્જાતી સમસ્યાઓ, સંઘર્ષો તેમજ તેના નિરાકરણો અંગેના તારણો રજૂ કર્યા છે. સંશોધનથી સ્ત્રીઓ જે સંઘર્ષો કરે છે અને એ સંઘર્ષમાંથી બહાર નીકળવા જે પ્રયત્નો કરે છે તેની નોંધ કરી છે.

ધીરૂબહેન પટેલના વાર્તાસંગ્રહોને તપાસ કર્યા બાદ તેમાંથી મળેલ ભાવનાત્મક સંઘર્ષનું વર્ગીકરણ તેના નિરાકરણો શોધી જે અંતિમ તારણો આવ્યા છે તેની નોંધ અહીં કરી છે.